# PRESS RELEASES – YUVA SAMVAD – INDIA@2047

ગુજરાત સમાચાર

**GUJARAT SAMACHAR – Gandhinagar Dist.**
**23rd March 2023 Page No. 3**

## આઈ.એ.આર ખાતે યુવાસંવાદ કાર્યક્રમ યોજાયો



આઈ.એ.આર યુનિવ સટી ગાંધીનગર ખાતે જી-૨૦ અંતર્ગત તાજેતરમાં યુવાસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી આર્ટ્સ કોલેજના ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.-૫

**GANDHINAGAR SAMACHAR – 23rd March 2023 Pg. No. 3**

ગાંધીનગર સમાચાર તા. ૨૩-૩-૨૦૨૩, ગુરૂવાર ૩

## IAR યુનિવર્સિટી ગાંધીનગર ખાતે G20 અંતર્ગત યુવા સંવાદ-ઈંડિયા @2047 યોજાયો



ગાંધીનગર, તા. ૨૨

તારીખ ૧૭ મી માર્ચ, ૨૦૨૩ ના રોજ ઈંસ્ટિટ્યુટ ઓફ એડવાંસ રીસર્ચ, ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન અને ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ ઝગડીયા, ભરૂચના સહ યોગથી આઝાદી કા અમૃત મહોત્સવ તથા G20 અંતર્ગત યુવા સંવાદ-ઈંડિયા @ 2047 યોજાયો. જેમાં IAR યુનિવર્સિટી અને ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજના ૧૫૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.યુવા સંવાદમાં પંચ પ્રાણ જેવા કે,વિકસિત ભારતનું લક્ષ્ય, ભારતના સાંસ્કૃતિક વારસો, એકતા અને અખંડિતતા, નાગરિકોમાં દેશ પ્રત્યે ફરજની ભાવના વગેરે દેશ પ્રત્યેની ભાવના વિગેરે મુદ્દાઓ પર સંવાદ યોજાયો. જેમાં વિદ્યાર્થીઓ જે ખૂબ ઉત્સાહ અને ઉમંગભેર ભાગ લીધો હતો.યુવા સંવાદમાં રજીસ્ટ્રાર ડો. મનિષ પરમારે સર્વેને આવકાર્યા હતા. ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ. જયેશ પૂજારાએ કાર્યક્રમનાં મુખ્ય અતિથી તથા તજજ્ઞ તરીકેની સેવાઓ આપી હતી. આ યુવા સંવાદનો ધન્યવાદ પ્રસ્તાવ એન.એસ.એસ કોઓર્ડીનેટર અવિનાશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડો. સુધિર ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.